સુવિચાર : માણસનું મૂલ્યાંકન એના ઘરના પાછલા દરવાજેથી શું પ્રવેશે છે તેના પરથી થવું જોઈએ - અમૃતાબિંદુ

તાપમાન
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૬૨ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૮૮ | ૧૮ સપ્ટેમ્બર, ૨૦૧૫, શુક્રવાર ; ભાદરવા સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- પેન્ડિંગ રહેલા ટેક્સ વિવાદોનો ટૂંક સમયમાં જ ઉકેલ લવાશે : જેટલી
- ખાનગી બેંકોમાં ૧૦૦ ટકા એફડીઆઈ મર્યાદા કરાશે
- ૮.૩ પ્રચંડ તીવ્રતાના ભૂંકપથી ચિલી હચમચ્યુ
- પાકિસ્તાન દ્વારા અવિરત ફાયરિંગ : સ્થિતી વણસી
- મોદીના જન્મદિને ચાહકો દ્વારા શુભેચ્છાનો વરસાદ
- ૧૦ કંપનીઓને લઘુ બેંક શરૂ કરવા આરબીઆઈની મંજુરી
- દિલ્હીમાં ડેન્ગ્યુ સામે પગલા અંગે માહિતી આપવા હાઈકોર્ટનો સંબંધિતને હુકમ
- યમુનાને ત્રણ જ વર્ષમાં સ્વચ્છ કરવાની ખાતરી
- FTII મડાગાંઠનો અંત લાવવા મંત્રણાની ઓફર
- માંસ પર પ્રતિબંધને લોકો પર લાગુ કરી શકાય નહીં
- ખરાબ પ્રતિષ્ઠા ધરાવનારાને ફરજીયાતપણે નિવૃત્ત કરાશે

# ઉત્તર ગુજરાતમાં વર્ગવિગ્રહના અણસાર

**ગ્રામીણ વિસ્તારમાં પાટીદાર અનામત આંદોલન વધુ આક્રમક બનતા ઓબીસી સમાજ સંગઠિત બની બહાર આવી રહ્યો છે : એકતા યાત્રા સામે પ્રતિકાર યાત્રા યોજવાની ખુલ્લી ચીમકી : દક્ષિણ ગુજરાતમાં ઓબીસી સમાજના સંમેલનમાં આક્રમક ભાષામાં ભાષણો : ઉત્તર ગુજરાતમાં પાટીદાર મહિલાઓનો વેલણનાદ આક્રમક બનતા રાજકીય પક્ષોમાં ભારે ચિંતા**

ગાંધીનગર, તા.૧૭

છેલ્લા બે દિવસથી ઉત્તર ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં પાટીદાર મહિલાઓ ટોળાબંધ નિકળી થાળીનાદ ગજવતા બાકીના સમાજ પર ઘેરી અસર ઉભી થતી જાય છે. બેંકોમાંથી નાણા ઉપાડવાની પ્રક્રિયા રાજકીય પક્ષોના આગેવાનોને ગામમાં પ્રવેશવા પર પ્રતિબંધ ફરમાવતા બેનર-બોર્ડથી સામાજીક અને રાજકીય ક્ષેત્રોમાં ભારે ખળભળાટ મચ્યો છે. મહેસાણા અને વિસનગર વિસ્તારમાં બક્ષીપંચોના સમાજો દ્વારા અનામતના વિરોધ કરનારાઓ પર પ્રવેશબંધીના બોર્ડ લગાવાયા છે. આમ સામસામી બોર્ડ-બેનર યુદ્ધથી તંગદીલી તીવ્ર બનતી જાય છે. અનેક ગામોમાં નાના-મોટા સવાલોની આડશમાં જૂથ અથડામણો થાયછે. ઉશ્કેરાટ બંને પક્ષોએ પરાકાષ્ટાએ પહોંચી રહ્યો છે. બંને પક્ષોના આંદોલનના નેતાઓ સંયમ ગુમાવી રહ્યા છે. અને ઉશ્કેરાટ ફેલાવવાનું તીવ્ર ગતિએ ચાલે છે. આથી સરકાર ખૂબ જ ચિંતિત બની છે. વહીવટી તંત્ર સાબદુ બની ગયું છે.

આજે દક્ષિણ ગુજરાતના તાપી જિલ્લામાં ઓબીસી સમાજના સંમેલનને સંબોધતા ઓબીસી અનામત બચાવો આંદોલન સમિતિના કન્વીનર અલ્કેશ ઠાકોરે આક્રમક ભાષામાં એકતા યાત્રાની સામે પ્રતિકાર યાત્રા યોજવાનું એલાન કર્યું હતું. આગામી દિવસોમાં ઉત્તર ગુજરાતના તાલુકા મથકો પર સંમેલનો યોજવાના પ્રવચન અને જાહેરાતોથી ભારે ખળભળાટ મચ્યો છે. પાટીદાર અનામત આંદોલન જેટલું ઉગ્ર બને છે તેટલા જ પ્રત્યાઘાતો તીવ્રતાથી સમાજના અન્ય વર્ગોમાંથી આવી રહ્યા છે. હાર્દિક પટેલ હોય કે, અલ્કેશ ઠાકોર હોય સમાજને વહેંચાતો અટકાવવાની પ્રાથમિક ફરજ સૌ સામાજિક સંગઠનોએ બજાવવી જોઈએ એવી ચળવળ પણ આરંભાઈ છે.

# ગુજરાતમાં ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી

અમદાવાદ, તા.૧૭

વિદર્ભ પર ડિપ ડિપ્રેશન અને દક્ષિણ છત્તીસગઢના આસપાસના વિસ્તારોમાં ડિપ્રેશનની સ્થિતિના પરિણામ સ્વરૂપે ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. આગામી પાંચ દિવસ દરમિયાન ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. ગુજરાતના કેટલાક ભાગો સૌરાષ્ટ્ર, કચ્છ, દિવ-દમણ, દાદરનગર હવેલીમાં અતિભારે વરસાદ થઈ શકે છે. મધ્યમથી ભારે વરસાદનો દોર આવતીકાલથી શરૂ થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. લો-પ્રેશર અને ડિપ ડિપ્રેશનની સ્થિતિ હાલમાં જોવા મળી રહી છે. જેની સીધી અસર આગામી ૪-૫ દિવસ સુધી રહે તેમ માનવામાં આવે છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૬.૯ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રી નોંધાયું હતું. બંગાળની ખાડીનું વેલમાર્ક લો-પ્રેશર ગઈકાલે મજબૂત બની ડિપ્રેશનમાં પરિવર્તિત થયું હતું. આજે સવારે સિસ્ટમ્સ પશ્ચિમ વિદર્ભ અને છત્તીસઢ વિસ્તારમાં હતી. પશ્ચિમ વિદર્ભ અને છત્તીસગઢ બોર્ડર ઉપરની ડિપ્રેશન

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતમાં વર્ગવિગ્રહને કોઈ સ્થાન હોવું ન જોઈએ : આનંદીબેન

ગાંધીનગર, તા.૧૭

પાટીદારો માટે અનામતની માંગણી સાથે આક્રમક આંદોલન કરી રાજ્યમાં અરાજકતાનો માહોલ ઉભો કરનાર હાર્દિક પટેલને આજે મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પ્રથમવાર વળતો પ્રહાર કરી શાનમાં સમજાવી દેતી ગર્જના કરી હતી. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આજે યોજાયેલા એક કાર્યક્રમમાં હાર્દિક પટેલનું નામ લીધા સિવાય મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આંદોલનકારીઓ પર તેજાબી પ્રહારો કર્યા હતા તેમના આ આક્રમક તેવરથી આંદોલનકારીઓ સ્તબ્ધ થઈ ગયા છે. મુખ્યમંત્રીએ આંદોલનકારી યુવાનો પર આડકતરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ગુજરાતનો વિકાસ કોઈ એક જ્ઞાતિના કારણે નથી થયો.

ગુજરાતનો વિકાસ વિકાસ સાડા છ કરોડ ગુજરાતીઓને આભારી છે. તેમણે કોઈનું નામ લીધા વિના એમ પણ જણાવ્યું હતું કે, કોઈ

**મહાત્મા મંદિરના કાર્યક્રમમાં મુખ્યમંત્રીના આક્રમક તેવરથી આંદોલનકારીઓ સ્તબ્ધ**

મકાન બનાવવાનું હોય કે ઘર ચલાવવાનું હોય તો પરિશ્રમ થાય પણ હિંસા અને તોડફોડ કરવામાં કોઈ પરિશ્રમ લાગતો નથી. રાજ્યમાં છેલ્લા બે મહિનાથી ચાલી રહેલા પાટીદાર અનામત આંદોલન અંગે અત્યાર સુધી મૌન રહેલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલની નારાજગી

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

**પ્રતિક્રમણ** - જૈન શાસ્ત્રની સર્વોત્તમ પરંપરા એટલે પ્રતિક્રમણ... જાત તરફ પાછા વળવાની ગતિને પ્રતિક્રમણ કહેવાય છે... જીવનની સારી-ખોટી બધી જ ક્ષણોનો સ્વીકાર કરી સૌને ક્ષમા આપવી અને સૌની ક્ષમા માગવી આ ક્ષમાપના પર્વનું આગવુ આભૂષણ છે... સંવતસરીની સાંજે આચાર્ય મહારાજની નિશ્રામાં ગાંધીનગરના જૈન સમાજના શ્રાવકો પ્રતિક્રમણની પ્રાર્થના માટે એકત્ર બન્યા ત્યારે સર્જાયું ભાવપૂર્ણ દશ્ય... મિચ્છામી દુક્કડમ્...

# શહેરમાં ડેન્ગ્યુનો કહેર : ૩૬ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેર પણ ડેન્ગ્યુના કહેરથી બાકાત નથી અને છેલ્લા એક પખવાડિયાથી આ રોગના દર્દીઓની સત્તાવાર કેસ તો છ જ નોંધાયા છે પરંતુ બિનસત્તાવાર આંક ૩૬ને પણ પાર કરી ગયેલ છે. શહેરના નવા સેક્ટરો ૩, ૪, ૫, ૭ અને સે. ૧૭ના ૧૭માં એરફોર્સના સ્ટાફ ક્વાટર્સમાંથી જ પાંચેક જેટલા ડેન્ગ્યુના પોઝીટીવ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત સરકારી આવાસોમાં પણ છુટા છવાયા

**તંત્ર કહે છે : ૬ કેસ નોંધાયા છે : સે. ૩, ૪, ૫, ૭ અને ૧૭ અત્યંત સંવેદનશીલ વિસ્તાર બની રહ્યા છે : તંત્રએ પાંચ જેટલી સાઈટોના સંચાલકોને નોટીસ પણ ફટકારી છે**

સંખ્યામાં સારો એવો વધારો જોવા મળતાં આરોગ્યતંત્ર હરકતમાં આવ્યું છે.

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના વાહકજન્ય રોગચાળા માટે અતિ સંવેદનશીલ વિસ્તાર બની ઉભરી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે સે. કેસો મળી રહ્યા છે.

સે. ૭માં છેલ્લા બે દિવસમાં ૪ જેટલા કેસ નોંધાયા છે તો સે. ૩, ૪ અને ૫ માં એક ડઝનથી પણ વધુ કેસો નોંધાઈ ચુક્યા છે.

શહેરમાં જુદા જુદા સ્થળોએથી મળી આવતા ડેન્ગ્યુ

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર સિવિલમાં ડેન્ગ્યુ નિદાન માટે એલાયઝા ટેસ્ટ કરાશે : તંત્ર

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ડેન્ગ્યુના નિદાન માટે એલાયઝા ટેસ્ટ શરૂ કરવામાં આવ્યા છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આ અંગેની કીટ પણ હવે ઉપલબ્ધ થતાં તંત્રએ આ ટેસ્ટ દ્વારા જ નિદાન કરવાનો નિર્ણય લઈ લીધો છે. અત્યાર સુધી કાર્ડ રીડરની મદદથી અને જરૂર જણાયે બી.જે. મેડિકલમાં સેમ્પલ મોકલી નિદાન ડેન્ગ્યુ માટે કરવામાં આવતું હતું. છેલ્લા ઘણા સમયથી આ અંગેની કીટ હોસ્પિટલ પાસે ન હતી. સિવિલ હોસ્પિટલમાં જ એલાયઝા ટેસ્ટ નહિ થતા હોવાના અખબારી અહેવાલો પણ પ્રસિદ્ધ થયા હતા. આ પછી તંત્રની રજુઆતને ધ્યાને લઈ રાજ્ય સરકારે જિલ્લાકક્ષાની આ સૌથી મોટી હોસ્પિટલ હોવાથી અને મેડિકલ કોલેજ સંલગ્ન હોવાથી હવે કીટ ફાળવી આપી છે.

સિવિલના સત્તાવાર સૂત્રોએ પણ એલાયઝા ટેસ્ટથી ડેન્ગ્યુનું નિદાન થશે તેવો એકરાર કર્યો છે.


પ્રથમ વાર્ષિક શ્રધ્ધાંજલિ



સ્વ. બબાભાઈ શંભુભાઈ પટેલ | સ્વ. હસમુખભાઈ વિરચંદદાસ પટેલ (દાસભાઈ) | સ્વ. ભવ્યદીપ હસમુખભાઈ પટેલ

સ્વર્ગવાસ તા. ૧૮-૦૯-૨૦૧૪

નથી હયાત પણ સાથે છે, તેવું લાગ્યા કરે છે,
હર ક્ષણ આપની હાજરીનો આભાસ લાગ્યા કરે છે,
ક્યારેક કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરે છે,
યાદોમાં પ્રત્યક્ષ દર્શન થયા કરે છે...

પરમાત્મા આપ ત્રણેયના દિવ્ય આત્માને ચીર શાંતિ અર્પે
એ જ અંતરથી પ્રાર્થના...

લિ.
સાજન ડાઈનીંગ હોલ સેક્ટર-૧૬ | આવકાર રેસ્ટોરન્ટ સેક્ટર-૧૬ | હોટેલ સ્ટે-ઈન સેક્ટર-૧૬ | હોટેલ યાત્રી સેક્ટર-૧૬
હોટેલ વરૂણ સેક્ટર-૧૬ | શ્રી કીર્તિકુમાર આર.પટેલ ફૂડ ઈન્સપેક્ટર, ગાંધીનગર | હોટેલ શુગુન સેક્ટર-૧૬

PARAM

PRIME LOCATION FOR YOUR BUSINESS
હસમુખભાઇ પટેલ 9898935008 9737124032
ઓફિસ નંબર 9904483888
atria "The Business Hub"
દુકાનો-ઓફિસો, ભાડે-વેચાણ આપવાની છે.
atria corner, KH-0, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર

બિ.ક્લાર્ક/રે.તલાટી
નવી બેચ શરૂ
તા ૧૪-૯-૧૫ સોમવારથી સવારે :- ૧૦.૦૦ કલાકે
ફ્રી ડેમો લેક્ચર
GPSC મેઈન્સની નવી બેચ શરૂ
શિલ્પ CAREER ACADEMY
Axis Bank ઉપર સે.૧૬, ગાંધીનગર
9426944899 9638642964

ગાંધીનગરમાં ધુમ મચાવે છે.
રશીયન + આફ્રિકન અને મંગોલીયન કલાકારોના કાફલા સાથે



દરરોજ ૩ ખેલ 3-6-9
ગોલ્ડન સર્કસ
ટીકીટ દર. ₹. 60/-, 120/-, 200/-
એડ. બુકીંગ. ₹. 200/-નું સવારે 9 થી 7 સાંજે
M: 8347499769 7041428420
સ્થળ: નવરાત્રી મેદાન, સેક્ટર 6, બસ ડેપો પાસે.

079 - 23213090
@ ₹ 149*
LUNCH*
(Unlimited)
10.30 A.M. TO 3-00 P.M.
ITALIAN NEO POLITAN PIZZA PIZZERIA



Enjoy
Unlimited
Birthday Fun
& Kitty Party
102, Supper Mall-2, Infocity, Gandhinagar. Mo. 9574000422
*Condition apply